## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ (જિ. ગીર સોમનાથ)
### જાહેરાત ક્રમાંક : ૦૨/૨૦૨૨
### સંવર્ગનું નામ : જુ. કલાર્ક, જગ્યા–૦૧, કેટેગરી–S.T.

**૧. પગાર ધોરણ :**

આ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગમાં નિમણુંક પામેલ ઉમેદવારે પ્રથમ પાંચ વર્ષ સુધી રૂા.૧૯૯૫૦/– ફિકસ પગારના ધોરણે ફરજ બજાવવાની રહેશે અને પાંચ વર્ષના સમયગાળા બાદ કામગીરી સંતોષકારક જણાયેથી, સમીક્ષા થયેથી સાતમાં પગાર પંચ અનુસાર રૂા.૧૯,૯૦૦–૬૩,૨૦૦/– પે મેટ્રીક્ષ લેવલ–૨નાં પગાર ધોરણમાં (નિયમોનુસાર મળવાપાત્ર મોંઘવારી તેમજ અન્ય ભથ્થા સહિત) મેળવવા પાત્ર રહેશે. ગુજરાત સરકારશ્રીના ધારા ધોરણ અનુસાર વખતો વખતના ફેરફારને આધિન રહેશે.

**૨. શૈક્ષણિક લાયકાત :**

ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈ પણ યુનિવર્સિટી કે સંસદના એકટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એકટ ૧૯૫૬ ના સેકશન ૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની સ્નાતક કક્ષાની પદવી અથવા સરકાર દ્વારા માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ. તેમજ ગુજરાતી અને અંગ્રેજી ટાઈપીંગની જાણકારી હોવી જોઈએ.

**૩. વય–મર્યાદા :**

ગુજરાત સરકારશ્રીનાં તા.૦૬/૧૦/૨૦૧૫નાં ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૧૨૦૦૮–૨૮૨૩૨૩–ગ.૫, સચિવાલય, ગાંધીનગર મુજબ મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષની રહેશે. ઉપલી વય મર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવા પાત્ર થશે.

- મુળ ગુજરાતના વતની હોય તો અનુસૂચિત જન જાતિ (ST) વર્ગના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ
- અનુસૂચિત જન જાતિ (ST) વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત)
- માજી સૈનિક :– જે માજી સૈનિક છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય તો તેવા અને ફરજમાંથી નિયમિત રીતે ડિસ્ચાર્જ થયા હોય તેવા, માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ખરેખર ઉમરમાંથી બાદ કરતાં મળતી પરિણાત્મક ઉમર, ભરતી નિયમોમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહી.
- જે ઉમેદવાર કેન્દ્ર/રાજય સરકાર/અર્ધ સરકારી સંસ્થાઓ,કેન્દ્ર/રાજયની યુનિવર્સિટી અથવા આવી યુનિવર્સિટી દ્વારા માન્ય/જોડાયેલ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સેવામાં કાયમી/હંગામી અથવા કરાર આધારિત સેવક તરીકે સળંગ ચાલુ હોય અને તેઓની આવી સંસ્થામાં પ્રથમ નિમણુંકની તારીખે તેઓ હાલે જાહેરાત આપેલ જગ્યા માટે નિયત કરવામાં આવેલ વય મર્યાદામાં હોય તો તેઓને આ જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. આવી ફરજ બજાવતા અરજદારોએ ઉપલી વયમર્યાદાનો લાભ લેવા માટે નિમણુંક હુકમો / હુકમની સંપૂર્ણ વિગતો અરજી પત્રકમાં દર્શાવવાની રહેશે અને આવી નિમણુંકોનો પુરાવો જયારે યુનિવર્સિટી તરફથી માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાનો રહેશે.
- ૪૦% કે તેથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓને નિયમોનુસાર વધારાની ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- રમતવીરોને ભરતીમાં છૂટછાટ આપવા અંગેની રાજય સરકારની નીતિ અનુસાર નીચે દર્શાવેલ કક્ષાના રમતવીરોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
  - ➢ કોઈપણ માન્ય રમત / ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે
  - ➢ કોઈપણ માન્ય રમત / ખેલકૂદમાં રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજય પ્રતિનિધિત્વ કરવા માટે
  - ➢ કોઈપણ માન્ય રમત / ખેલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે
  - ➢ કોઈપણ માન્ય રમત / ખેલકૂદમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજય / શાળા ટુકડીનું પ્રતિનિધિત્વ કરવા માટે

**નોંધ :** ઉકત છૂટછાટનો લાભ લેવા માટે સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ સત્તાધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૪. કોમ્પ્યુટરની જાણકારી :**

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫. સાથેના પત્રક–૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટર બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું કોઈપણ સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિવર્સિટી અથવા સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમાં, ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે.

**૫. ભાષાની જાણકારી :**

ઉમેદવાર ગુજરાતી, હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ તેમજ અંગ્રેજી ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**૬. શૈક્ષણિક લાયકાત/વય મર્યાદા માટે નિર્ધારિત તારીખ :**

જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અન્ય જરૂરી લાયકાત માટે અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૭. પરીક્ષા ફી :**

**આ જગ્યા અનુસૂચિત જન જાતિ (ST) અનામત કેટેગરીની ભરવાની થતી હોવાથી માત્ર અનુસૂચિત જન જાતિ (ST) અનામત વર્ગના ઉમેદવારો જ અરજી કરી શકશે અને નિયમાનુસાર અનામત વર્ગના ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુકિત આપવામાં આવે છે.** આ માટે અરજી ફોર્મ સાથે ફરજીયાત જાતિ–વર્ગનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. જો માન્ય પ્રમાણપ્રત્ર જોડવામાં આવેલ નહી તો અરજી અમાન્ય ઠરશે.

**૮. જુ.કલાર્કની પસંદગીમાં માત્ર નીચેની વિગતે પરીક્ષાને જ ધ્યાને લેવામાં આવશે. :**

(૮.૧) હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્ન પત્ર–૧

**કુલ પ્રશ્નો–૧૦૦ કુલ ગુણ–૧૦૦ સમય–૧ કલાક**

આ પ્રશ્નપત્રમાં (૧) ગુજરાતી (૨) અંગ્રેજી (૩) સામાન્ય વિજ્ઞાન (૪) ભારતનું બંધારણ (૫) તાજેતરના મહત્વના રાષ્ટ્રીય મુદ્દા (૬) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપત્તિ (૭) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૮) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, સાહિત્ય, કલા, ધર્મ (૯) સામાન્ય બૌદ્ધિક કસોટી (૧૦) ખેલ જગત (૧૧) ગુજરાતની રાજનીતિ અને અર્થ વ્યવસ્થા (૧૨) પંચાયતી રાજ (૧૩) મહાગુજરાત આંદોલન–સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ (૧૪) વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો (૧૫) કમ્પ્યુટર (૧૬) યુનિવર્સિટી / ઉચ્ચ શિક્ષણ વહીવટ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**<u>નોંધ : હેતુલક્ષી પરીક્ષામાં માઈનસ પધ્ધતિ રહેશે નહી.</u>**

(૮.૨) કમ્પ્યુટર (સ્કીલ) ટેસ્ટ : – ઉપરોકત વિગતે અરજદારોની હેતુલક્ષી પરીક્ષામાંથી મેરીટનાં ધોરણે પ્રથમ ૦૧ થી ૧૫માં સ્થાન પ્રાપ્ત કરનાર અરજદારોની કમ્પ્યુટર સ્કીલ ટેસ્ટ નીચેની વિગતે લેવામાં આવશે.

**સ્કીલ ટેસ્ટ (ટાઈપીંગ ટેસ્ટ) કુલ–૨૫ ગુણ સમય–૪૫ મીનીટ**

- ગુજરાતી ટાઈપ — 10 Marks **(Font = Unicode / LMG-Arun)**
- સંસ્કૃત ટાઈપ — 05 Marks **(Font = Unicode / Menka)**
- અંગ્રેજી ટાઈપ — 05 Marks **(Font = Arial)**
- હિન્દી ટાઈપ — 05 Marks **(Font = Unicode / Menka)**

**(૮.૩) હેતુલક્ષી લેખિત પરીક્ષા તેમજ કમ્પ્યુટર (સ્કીલ) ટેસ્ટ (ટાઈપીંગ ટેસ્ટ) કસોટીમાં મેળવેલ ગુણના આધારે મેરીટ બનાવી આખરી પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. <u>મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે નહીં.</u>**

(૮.૪) પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો યુનિવર્સિટી સત્તાધિશોને અબાધિત હકક રહેશે.

**નોંધ :** (૧) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવાર માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ <u>કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.</u> પરંતુ તેઓએ નિમણુંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં યુનિવર્સિટીની કચેરીમાં રજુ કરવાના રહેશે.

(૨) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨ તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારા મુજબ રમતો–ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારતીય શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ખેલાડી – ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેઓએ મેળવેલ <u>કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.</u> આ માટે વખતો વખત થયેલ ઠરાવોમાં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાના રહેશે આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારજ રમતના ગુણ માટે હકદાર રહેશે. યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં યુનિવર્સિટીની કચેરીમાં રજુ કરવાના રહેશે.

Shree Somnath Sanskrit University VERAVAL

## ૯. અગત્યની સુચનાઓ :

Shree Somnath Sanskrit University VERAVAL

| ક્રમ નં. | સુચનાઓની વિગત |
|---|---|
| ૧. | અરજીનાં કવર ઉપર જગ્યાનું નામ "**Post Apply for JUNIOR CLERK (ST CATEGORY)**"માં અવશ્ય દર્શાવવું. અરજી જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૦/૧૦/૨૦૨૨ રહેશે. |
| ૨. | ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ તમામ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયામાં આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનાં રહેશે. અન્યથા અરજીપત્રક જે–તે તબક્કે " રદ" ગણવામાં આવશે. |
| ૩. | નિયત નમુનામાં અરજી સુવાચ્ય અક્ષરોમાં કરવાની રહેશે તેમજ <u>અરજી ફોર્મ સાથે સામેલ આઈકાર્ડ કમ પરીક્ષા હોલ ટીકીટમાં જરૂરી લાગુ પડતી વિગતો ભરી અરજી સાથે મોકલવાનું રહેશે.</u> જે આપની પરીક્ષા માટેનું આઈકાર્ડ કમ પરીક્ષા હોલ ટીકીટ રહેશે. જે આપને પરીક્ષાના દિવસે ઈસ્યુ કરવામાં આવશે. |
| ૪. | યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારનો ટેકો મેળવવા માટે એટલે કે, યુનિવર્સિટીના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીએ રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત –(ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ)(૧) યુનિવર્સિટી, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. |
| ૫. | ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી યુનિવર્સિટી દ્વારા " રદ" કરી શકાશે. તેમજ જો પસંદગી / નિમણુંક થયેલ હશે તો પસંદગી / નિમણુંક યુનિવર્સિટી / નિમણુંક કરનાર સતાધિકારી દ્વારા કોઈપણ તબક્કે " રદ" કરવામાં આવશે. |
| ૬. | યુનિવર્સિટી દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય, તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે. |
| ૭. | પસંદગી પામેલા ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે. |
| ૮. | જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે. અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. |
| ૯. | પરીક્ષા સ્થળ : શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, રાજેન્દ્રભુવન રોડ, બિરલા મંદિર પાસે – વેરાવળ રહેશે. લેખિત પરીક્ષા સમયે ઉમેદવારોએ સરકાર માન્ય ફોટો આઈડેન્ટી કાર્ડ : આધાર કાર્ડ / પાનકાર્ડ / ચૂંટણી કાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી કોઈ એક સાથે રાખવાનું રહેશે, જે યુનિવર્સિટીનાં અધિકૃત અધિકારીશ્રી / કર્મચારીશ્રી દ્વારા જોવા માંગે ત્યારે આપવાનું રહેશે. જેની પાસે નહીં હોય તેની પરીક્ષા લેવામાં આવશે નહીં. |

| | |
|---|---|
| ૧૦. | લેખિત પરીક્ષા સમયે ઉમેદવાર મોબાઈલ, સ્માર્ટ વોચ, કેલ્કયુલેટર, પેનડ્રાઈવ કે કોઈ પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ સાથે રાખવા નહીં. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ કરનાર, યુનિવર્સિટીએ રોકેલા સ્ટાફ સાથે ગેરશિસ્ત કરનાર કે ગેરવર્તણૂંક કરનાર કે પરીક્ષાનાં નિયમોનો ભંગ કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૧૧. | ઉમેદવારોને લેખિત કસોટી માટે કોઈપણ પ્રકારનું મુસાફરી ભથ્થું કે અન્ય કોઈ ખર્ચ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે નહીં. ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. |
| ૧૨. | ઉમેદવારોએ યુનિવર્સિટી વેબસાઈટ sssu.ac.in પરથી અરજીફોર્મ ડાઉનલોડ કરી, **<u>સંપૂર્ણ વિગતો ભરી, ભરેલ ફોર્મ સાથે જરૂરી અધાર પુરાવાઓ જોડી નિયત સમયમર્યાદામાં યુનિવર્સિટી ખાતે સ્પીડપોસ્ટ / રજી.પોસ્ટ એડી. મારફત અરજી મોકલવાની રહેશે.</u>** <u>રૂબરૂ કે કુરીયર દ્વારા અરજી સ્વીકારવામાં આવશે નહીં.</u> |
| ૧૩. | **અધુરી/અપૂર્ણ/અસ્પષ્ટ/સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ તેમજ અધુરા પ્રમાણપત્રો ધરાવતી અરજી રદ થવાને પાત્ર રહેશે. <u>છેલ્લી તારીખ સુધીમાં અરજી સાથે લાગુ પડતા તમામ ડોકયુમેન્ટની સ્વ–પ્રમાણિત નકલ જમા કરાવવાની રહેશે.</u>** |
| ૧૪. | યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ અરજીઓની સ્ક્રુટીની કમિટી દ્વારા માન્ય અને અમાન્ય થયા બાદ તેની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે, પત્રવ્યવહાર દ્વારા કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવશે નહી. તેથી યુનિવર્સિટીની વેબસાઈટ સમયાંતર જોતા રહેવું. |
| ૧૫. | **અનુસૂચિત જન જાતિ (ST) અનામત વર્ગની જગ્યાની ભરતી હોવાથી માત્ર અનુસૂચિત જન જાતિ (ST) અનામત વર્ગના ઉમેદવારો જ અરજી કરી શકશે, અને નિયમાનુસાર અનામત વર્ગના ઉમેદવારોને પરીક્ષા ફીમાંથી મુકિત આપવામાં આવે છે.** |
| ૧૬. | અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી (જાતિ)બદલવા અંગેની કોઈ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. |
| ૧૭. | સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ/બોર્ડ/નિગમમાં નોકરી કરતા ઉમેદવારોએ અરજી સંસ્થા/ખાતા મારફત કરવાની રહેશે અને અરજી સાથે N.O.C. (ના વાંધા પ્રમાણપત્ર) જમા કરાવવાનું રહેશે. |
| ૧૮. | ભરતી સબંધિત માહિતી જેમ કે, માન્ય/અમાન્ય યાદી, પરીક્ષા સીટ નંબર તેમજ ભરતી અને પરીક્ષાને લગતી તમામ સુચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ <u>www.sssu.ac.in</u> ઉપર સમયાંતરે મુકવામાં આવશે, આથી યુનિવર્સિટીની વેબસાઈટ જોતા રહેવું. આ અંગે કોઈને પત્રથી જાણ કરવામાં આવશે નહી. |
| **૧૯.** | **જાહેરાત થી પરીક્ષા જાહેર થવા સુધીનું શેડયુલ પરિશિષ્ઠ–૧ મુજબ રહેશે.** |
| ૨૦. | આ જાહેરાતમાં કોઈ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર અબાધિત રહેશે. |

કુલસચિવ
**REGISTRAR**
**Shree Somnath Sanskrit University**
**Veraval**

# પરિશિષ્ઠ–૧

જાહેરાત ક્રમાંક : ૦૨/૨૦૨૨

સંવર્ગનું નામ : જુ. કલાર્ક, જગ્યા–૦૧, કેટેગરી–S.T.

## જાહેરાત થી પરીક્ષા સુધીનું Tentetive Schedule

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૦૧ | અરજીઓ જમા કરાવવાની છેલ્લી તારીખ : | ૧૦/૧૦/૨૦૨૨ (કચેરી સમય સુધીમાં) |
| ૦૨ | અરજીઓની સ્ક્રુટીની તારીખ : | ૧૧/૧૦/૨૦૨૨ થી ૧૪/૧૦/૨૦૨૨ |
| ૦૩ | માન્ય / અમાન્યની યાદી વેબસાઈટ પર પ્રસિધ્ધ થવાની તારીખ : | ૧૭/૧૦/૨૦૨૨ |
| ૦૪ | અમાન્ય થયેલ અરજદારોને પોતાની અમાન્ય થયેલ અરજી સંદર્ભે જો કોઈ રજુઆત કરવા માંગે તો તેનો સમયગાળો : (રજુઆત માત્ર ઈ–મેઈલ registrar@sssu.ac.in પર આધારો સાથે કરવાની રહેશે.) | ૧૭/૧૦/૨૦૨૨ થી ૨૧/૧૦/૨૦૨૨ |
| ૦૫ | હેતુલક્ષી પરીક્ષા માટેના સીટ નંબરની વિગતો યુનિ.ની વેબસાઈટ www.sssu.ac.in પર રાખવામાં આવશે તેની તારીખ : | ૦૨/૧૧/૨૦૨૨ |
| ૦૬ | હેતુલક્ષી (લેખીત) પરીક્ષાની તારીખ : | ૦૬/૧૧/૨૦૨૨ |
| ૦૭ | કમ્પ્યુટર (સ્કીલ) ટેસ્ટની તારીખ ઃ (હેતુલક્ષી પરીક્ષામાં મેરીટના ધોરણે પ્રથમ ૧૫ ઉમેદવારો) | ૦૭/૧૧/૨૦૨૨ |

નોંધ : (૧) ક્રમ–૬ અને ૭ની વિગતે પરીક્ષાના સમયની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ (www.sssu.ac.in) પર મુકવામાં આવશે.

(૨) ઉપરોકત શેડયુલમાં અનિવાર્ય કારણોસર જો કોઈ પ્રકારનો ફેરફાર થશે તો તેની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ (www.sssu.ac.in) પર મુકવામાં આવશે. જેથી સમયે–સમયે વેબસાઈટ જોવી.

કુલસચિવ
REGISTRAR
Shree Somnath Sanskrit University
Veraval